## GUJARAT BILL NO. 2 OF 2021.

# THE PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY (AMEDMENT) BILL, 2021.

## *A BILL*

*further to amend the Pandit Deendayal Petroleum University Act, 2007.*

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨ .**

## પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૧.

## પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે સન ૨૦૨૧ના જાન્યુઆરી મહિનાની ૧૮મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૨૦૦૭નો ગુજરાતનો ૧૪મો.

૨. પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૭ (જેનો આમાં હવે પછી, ‘‘મુખ્ય અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, દીર્ઘ સંજ્ઞામાં, “પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી” એ શબ્દોને બદલે, “પંડિત દીનદયાળ ઊર્જા યુનિવર્સિટી” એ શબ્દો મૂકવા. સન ૨૦૦૭ના ગુજરાતના ૧૪મા અધિનિયમની દીર્ઘ સંજ્ઞાનો સુધારો.

સન ૨૦૦૭ના ગુજરાતના ૧૪મા અધિનિયમની કલમ ૧-નો સુધારો

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧-માં, પેટા-કલમ (૧)માં, "પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી" એ શબ્દોને બદલે, ''પંડિત દીનદયાળ ઊર્જા યુનિવર્સિટી'' એ શબ્દો મૂકવા.

સન ૨૦૦૭ના ગુજરાતના ૧૪મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨-માં,-

(૧) ખંડ (૧૨)માં, ''મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ" એ શબ્દોને બદલે, ''ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (૧૩)માં, "પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી'' એ શબ્દોને બદલે, ''પંડિત દીનદયાળ ઊર્જા યુનિવર્સિટી" એ શબ્દો મૂકવા.

સન ૨૦૦૭ના ગુજરાતના ૧૪મા અધિનિયમની કલમ ૩-નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ' 'પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી'' એ શબ્દોને બદલે, "પંડિત દીનદયાળ ઊર્જા યુનિવર્સિટી" એ શબ્દો મૂકવા;

(૨) પેટા-કલમ (૨)માં, ''પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી'' એ શબ્દોને બદલે, "પંડિત દીનદયાળ ઊર્જા યુનિવર્સિટી" એ શબ્દો મૂકવા.

રદ કરવા બાબત અને અપવાદ.

૬. (૧) પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વટહુકમ, ૨૦૨૧ આથી રદ કરવામાં આવે છે. સન ૨૦૨૧નો ગુજરાત વટહુકમ ૨ જો.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

આમૂલ તેમ છતાં વિકાસક્ષમ સામાજિક પરિવર્તન માટે યુવાનોને અને અંતે સમાજને તૈયાર કરીને, સુગ્રાહી બનાવે તેવી ઊર્જા શિક્ષણ, સંશોધન અને નવીનીકરણમાં વૈશ્વિક કક્ષાની ઉત્કૃષ્ટ સંસ્થા તરીકે ઉભરી આવે તેવા આદેશથી તેમજ ઊર્જા અને આંતરમાળખાના કાર્યક્ષેત્રે વિશિષ્ટ પાસામાં વિશેષ જવાબદારીઓ સાથે, ઊર્જા એન્જિનિયરિંગ અને સંચાલનમાં શિક્ષણ માટેની અનન્ય જવાબદારી હાથ ધરવાના ખાસ ઉદ્દેશથી, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૭ અધિનિયમિત કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટીનું નામ 'પેટ્રોલિયમ' પર કેન્દ્રિત થતું હોવાથી, સ્કૂલ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ અને સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજીની સ્થાપના કરીને, પેટ્રોલિયમ મેનેજમેન્ટમાં બે વર્ષનો પી.જી. (અનુસ્નાતક) કાર્યક્રમ (અભ્યાસક્રમ) અને પેટ્રોલિયમ એન્જિનિયરિંગમાં યુ.જી. (સ્નાતક) અને પી.જી. (અનુસ્નાતક) કાર્યક્રમો (અભ્યાસક્રમો) શરૂ કરવામાં આવ્યા હતા.

સન ૨૦૦૯માં, પરમાણુ ઊર્જામાં પી.જી. કાર્યક્રમ સાથે, સૌર ઊર્જામાં પી.જી. અને પી.એચ.ડી. (Ph.D.) કક્ષાના કાર્યક્રમો પણ શરૂ કરવામાં આવ્યા છે. તે જ વર્ષમાં, ટેકનોલોજીમાં સામુદાયિક ભાવના અને સર્જનાત્મક વિચારસરણી (જેવા પાસાં)નો સમાવેશ કરવા માટે સ્કૂલ ઓફ લિબરલ સ્ટડિઝની સ્થાપના કરવામાં આવી હતી.

એન્જિનિયરિંગ (ઇજનેરી)ની બીજી કેટલીક શાખાઓમાં યુ.જી. (સ્નાતક), પી.જી. (અનુસ્નાતક) અને પી.એચ.ડી. કક્ષાના કાર્યક્રમો ચાલુ કરવા માટે, સન ૨૦૧૦માં શરૂ કરવામાં આવેલી સ્કૂલ ઓફ ટેકનોલોજી-એ વિદ્યાર્થીઓના સંખ્યાબળ, વિદ્યાશાખા અને આંતરમાળખાના સંબંધમાં યુનિવર્સિટીનું સૌથી મોટું કેન્દ્ર રહ્યું છે. સ્કૂલ ઓફ ટેકનોલોજીએ "ઊર્જા" અંગેનું યુનિવર્સિટીનું વિઝન (ધ્યેય) ચાલુ રાખ્યું છે અને ઊર્જા ક્ષેત્રને લગતી કેટલીક પહેલ શરૂ કરી છે.

આમ, સન ૨૦૦૯થી, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU)-એ, નીચેની રીતે, પેટ્રોલિયમ ક્ષેત્ર ઉપરાંતના પોતાના કાર્યક્રમો શરૂ કરીને વિકસાવ્યા છે:

(૧) વિદ્યુત ક્ષેત્રના એન્જિનિયરના તાલીમ કાર્યક્રમો ઉપરાંત પુન:પ્રાપ્ય ઊર્જા અને વિદ્યુત ક્ષેત્રોનો પણ સમાવેશ કરી શકાય તે રીતે ઊર્જા અને આંતરમાળખામાં એમ.બી.એ. કાર્યક્રમ (અભ્યાસક્રમ).

(૨) પુન:પ્રાપ્ય ઊર્જા, સ્માર્ટ ગ્રીડ અને કુદરતી ગેસ આધારિત વીજળી સાથે સૂર્ય શક્તિના એકીકરણના ક્ષેત્રોમાં પણ પી.એચ.ડી. (Ph.D.) નું સંશોધન હાથ ધરતા વિદ્યાર્થીઓ.

(૩) યુ.જી. (સ્નાતક) અને પી.જી. (અનુસ્નાતક) કક્ષાના તમામ કાર્યક્રમો (અભ્યાસક્રમો)ની વિસ્તૃત શ્રેણીમાં, મોટા પ્રમાણમાં પરંપરાગત અને બિન-પરંપરાગત ઊર્જાનો સમાવેશ થાય છે.

(૪) યુનિવર્સિટીમાં કાર્યરત સંશોધન કેન્દ્રો:

- (૧) સોલર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (૨૦૧૨)
- (૨) સેન્ટર ફોર જિઓ થર્મલ એનર્જી (૨૦૧૩)
- (૩) સેન્ટર ફોર બાયોફ્યુઅલ એન્ડ બાયોએનર્જી સ્ટડિઝ (૨૦૧૫)
- (૪) ઇન્ટરનેશનલ ઓટોમોબાઇલ સેન્ટર ઓફ એક્સેલન્સ (૨૦૧૯)
- (૫) સેન્ટર ફોર રિસર્ચ ઓન કાર્બન ડાયોક્સાઇડ – કાર્બન કેપ્ચર એન્ડ યુટિલાઇઝેશન (૨૦૧૯)
- (૬) સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન વોટર ટેકનોલોજી (૨૦૧૯)
- (૭) પીડીપીયુ-આઇઆઇસી (PDPU-IIC) ખાતે સેન્ટર ફોર ટેકનોલોજી બિઝનેસ ઇન્ક્યુબેશન (૨૦૧૯)
- (૮) ૪૫ મેગાવોટ (MW) પ્રોડક્શન ઓફ મોન ક્રિસ્ટલાઇન સોલર ફોટો વોલ્ટેક પૅનલ (૨૦૨૦)
- (૯) ટ્રાન્સલેશનલ રિસર્ચ સેન્ટર (TREC) (૨૦૨૦)

(૫) મેસર્સ સુઝલોન એનર્જી લિમિટેડ દ્વારા શરૂ કરવામાં આવેલા ‘સુઝલોન રિન્યુએબલ એનર્જી ચેર પ્રોફેસરશીપ’.

(૬) ઊર્જા નીતિ અને સલામતી સંબંધી હાથ ધરવામાં આવેલા સામાજિક અભ્યાસો (સોશિયલ સ્ટડિઝ).

(૭) સન ૨૦૧૨ ના વર્ષથી કૅમ્પસમાં કાર્યરત ૧ મેગાવોટ (MW)નો સોલર પ્લાન્ટ.

(૮) ઊર્જા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતો તાજેતરમાં નવો શરૂ કરેલો પાઠ્યક્રમ.

(૯) એન.એ.એ.સી. (NAAC) પીઅર ટીમ-એ પણ સન ૨૦૧૬ના ડિસેમ્બર મહિનામાં પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU) ખાતે કરેલી પોતાની મુલાકાત દરમિયાન તેના અહેવાલમાં એવી ભલામણ પણ કરી હતી કે અધિનિયમમાં સુધારો કરીને નામમાંથી 'પેટ્રોલિયમ' શબ્દ બદલવાની સલાહ આપવામાં આવે છે.

ઉપર્યુક્ત બાબતને લક્ષમાં લેતાં, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાંથી યુનિવર્સિટીનું નામ બદલવાનું વાજબી અને તાર્કિક જણાય છે, જેથી કરીને ઊર્જા પર કેન્દ્રિત કરાયેલી તેની વિસ્તૃત શ્રેણી પ્રતિબિંબિત કરી શકાય અને એ રીતે, પંડિત દીનદયાળ ઊર્જા યુનિવર્સિટી તરીકે ફરી નામ આપી શકાય; અને તદનુસાર પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અધિનિયમ સુધારવા ધાર્યું છે, જેથી કરીને તેમાં "પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી"નું નામ બદલીને, "પંડિત દીનદયાળ ઊર્જા યુનિવર્સિટી" કરી શકાય.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વટહુકમ, ૨૦૨૧ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમના સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

તારીખ: ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૧. **સૌરભ પટેલ.**

# <u>પુરવણી</u>

**પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૭-ના ગુજરાતના ૧૪-મા)માંથી ઉતારા.**

---

દીર્ઘ સંજ્ઞા. **રાજયમાં 'પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી'ની સ્થાપના કરવા અને તેને યુનિવર્સિટીનો દરજ્જો એનાયત કરવા અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.**

ટૂંકી સંજ્ઞા અને આરંભ. **૧.** (૧) આ અધિનિયમ પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૭ કહેવાશે.

(૨) XXX XXX XXX

વ્યાખ્યા. **૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

ખંડો (૧) થી (૧૧) XXX XXX XXX

(૧૨) "મંડળી" એટલે મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલી ગુજરાત એનર્જી રિસર્ચ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટ; સન ૧૮૬૦નો ૨૧મો. સન ૧૯૫૦નો મુંબઈનો ૨૯મો.

(૧૩) "યુનિવર્સિટી" એટલે કલમ ૩ હેઠળ સ્થપાયેલી અને સંસ્થાપિત કરેલી "પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી" ;

યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન. **3.** (૧) 'પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી' એ નામની એક યુનિવર્સિટી સ્થપાશે.

(૨) પ્રમુખ, બોર્ડ, એકેડેમિક કાઉન્સિલ, મહાનિયામક, નિયામકો, ડીન, રજિસ્ટ્રાર અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તેવી અન્ય તમામ વ્યક્તિઓ, જે પોતાનો એવો હોદ્દો અથવા સભ્યપદ ધારણ કરવાનું ચાલુ રાખે ત્યાં સુધી, 'પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી' એ નામનું સંસ્થાપિત મંડળ આથી, રચવામાં આવે છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨ .]

પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.

[ શ્રી સૌરભ પટેલ,

ઊર્જા મંત્રીશ્રી.]

(સન ૨૦૨૧ના ફેબ્રુઆરી મહિનાની ૨૭મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા

## THE PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY (AMENDMENT) BILL, 2021.

## GUJARAT BILL NO. 2 OF 2021.

### *A BILL*

*further to amend the Pandit Deendayal Petroleum University Act, 2007.*

It is hereby enacted in the Seventy-second Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Pandit Deendayal Petroleum University (Amendment) Act, 2021. **Short title and commencement.**

(2) It shall be deemed to have come into force on the 18th January, 2021.

H-504-1-SIS-10

**Amendment of long title of Guj. 14 of 2007.**

**2.** In the Pandit Deendayal Petroleum University Act, 2007 (hereinafter referred to as "the principal Act"), in the long title, for the words "Pandit Deendayal Petroleum University", the words "Pandit Deendayal Energy University" shall be substituted. **Guj. 14 of 2007.**

**Amendment of section 1 of Guj. 14 of 2007.**

**3.** In the principal Act, in section 1, in sub-section (1), for the words "Pandit Deendayal Petroleum University", the words "Pandit Deendayal Energy University" shall be substituted.

**Amendment of section 2 of Guj. 14 of 2007.**

**4.** In the principal Act, in section 2,-

(1) in clause (xii), for the words "Bombay Public Trust Act", the words "Gujarat Public Trusts Act" shall be substituted;

(2) in clause (xiii), for the words Pandit Deendayal Petroleum University", the words "Pandit Deendayal Energy University" shall be substituted.

**Amendment of section 3 of Guj. 14 of 2007.**

**5.** In the principal Act, in section 3,-

(1) in sub-section (1), for the words "Pandit Deendayal Petroleum University", the words "Pandit Deendayal Energy University" shall be substituted;

(2) in sub-section (2), for the words "Pandit Deendayal Petroleum University", the words "Pandit Deendayal Energy University" shall be substituted.

**Repeal and saving.**

**6.** (1) The Pandit Deendayal Petroleum University (Amendment) Ordinance, 2021 is hereby repealed. **Guj. Ord. 2 of 2021.**

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the principal Act as amended by the said Ordinance, shall be deemed to have been done or taken under the principal Act as amended by this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Pandit Deendayal Petroleum University Act, 2007 has been enacted so as to establish the Pandit Deendayal Petroleum University with the mandate to emerge as a world class Institution of Excellence in Energy Education, Research and Innovation which will prepare and sensitize the youth and ultimately the society for radical yet sustainable societal transformation, and with specific mission to Undertake unique obligation for Education in Energy Engineering and Management with special responsibilities in domain specific aspects of Energy & Infrastructure. As the name of the University being focused on 'Petroleum', it was started with the offering of two years PG Program in Petroleum Management and of UG and PG programs in Petroleum Engineering, through the establishment of School of Petroleum Management and School of Petroleum Technology.

In 2009, the PG & Ph. D. level programs in Solar Energy are also started, along with the PG program in Nuclear Energy. In the same year, the School of Liberal Studies was established to complement technology with community spirit and creative thinking.

The School of Technology started in 2010 to offer UG, PG and Ph. D. level programs in several other branches of engineering, has been the biggest School of the University in terms of strength of students, faculty and infrastructure. The School of Technology continues the University's vision on "Energy" and launched several initiatives pertaining to energy sector.

Thus, since the year 2009, PDPU has evolved and expanded its programs beyond petroleum sector in the following ways:

(1) M. B. A. program in Energy & Infrastructure so as to also include Renewable Energy and Power Sectors besides the training programs of Power Sector engineers.

(2) Ph. D. students' pursuing research in the areas of renewable energy, Smart Grid and also Integration of Solar Power with natural gas based electricity.

(3) The broad spectrum of all UG and PG level programs includes Conventional and Non-Conventional Energy to a great extent.

(4) Research Centers functional at the University:

(i) Solar Research & Development Centre (2012)

(ii) Centre for Geo Thermal Energy (2013)

(iii) Centre for Biofuel & Bioenergy Studies (2015)

(iv) International Automobile Centre of Excellence (2019)

(v) Centre for Research on Carbon Dioxide - carbon capture and utilization (2019)

(vi) Centre of Excellence in Water Technology (2019)

(vii) Centre for Technology Business Incubation at PDPU-IIC (2019)

(viii) 45 MW production of Mon crystalline Solar Photo Voltaic panel (2020)

(ix) Translational Research Centre (TREC) (2020)

(5) 'Suzlon Renewable Energy Chair Professorship' instituted by M/s Suzlon Energy Limited.

(6) Social Studies undertaken regarding Energy Policy and Security.

(7) 1 MW Solar Plant operational on the campus since the year 2012.

(8) Curriculum revitalized in recent focusing more on Energy.

(9) NAAC Peer Team also recommended during its visited at PDPU in December 2016, in its report that “it is advised to replace the word ‘Petroleum’ from the name through amendment of the Act.

In view of above, it appears fair and logical to change the name of the University from Pandit Deendayal Petroleum University so as to reflect its spectrum focused on Energy and thereby it may be renamed as the Pandit Deendayal Energy University; and accordingly the Pandit Deendayal Petroleum University Act is proposed to be amended so as to replace therein the name “Pandit Deendayal Petroleum University”, with the words “Pandit Deendayal Energy University”.

As the Legislative Assembly of the State of Gujarat was not in session, at that time, the Pandit Deendayal Petroleum University (Amendment) Ordinance, 2021 was promulgated to achieve the aforesaid objects. This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

Dated the 27th February, 2021. **SAURABH PATEL.**

***ANNEXURE***

## EXTRACT FROM THE PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY ACT, 2007.

**(Guj. 14 of 2007)**

---

**Long title.**

*AN ACT*

to provide for establishment of the "Pandit Deendayal Petroleum University" in the State and to confer the status of a University and for matters connected therewith and incidental thereto.

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Pandit Deendayal Petroleum University Act, 2007.

(2) XXX XXX XXX

**Definitions.**

**2.** In this Act, unless the context otherwise requires,-

Clauses (i) to (xi) XXX XXX XXX

(xii) "Society" means the Gujarat Energy Research Management Institute registered under the Societies Registration Act, 1860 and the Bombay Public Trust Act, 1950; **XXI of 1860. Bom. 29 of 1950.**

(xiii) "University" means the Pandit Deendayal Petroleum University established and incorporated under section 3;

**Establishment and incorporation of University.**

**3.** (1) There shall be established a University by the name of The Pandit Deendayal Petroleum University.

(2) The President, the Board, the Academic Council, the Director General, the Directors, the Deans, the Registrar and all other persons who may hereafter become such officers or members so long as they continue to hold such office or membership, hereby constitute a body corporate by the name of the Pandit Deendayal Petroleum University.

## GUJARAT LEGISLATURE SECRETARIAT

**GUJARAT BILL NO. 2 OF 2021.**

***A BILL***

*further to amend the Pandit Deendayal Petroleum University Act, 2007.*

**[ SHRI SAURABH PATEL,
MINISTER FOR ENERGY]**

**( As published in the Gujarat Government Gazette of 27th February, 2021)**

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.

---------

Government Central Press, Gandhinagar.